# સેક્ટર-૨૧ના વેપારીઓની કફોડી હાલત

## છેલ્લા ચાર દિવસથી ગટર લાઈનના ખોદકામથી અનેક પાણીના કનેક્શન કપાયા અને જે સંધાયા તેમાં દુષિત પાણી શરૂ થયુ

ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં ચાલતુ ગટર લાઈનનું કામ સ્થાનિક વેપારીઓ માટે માથાના દુઃખાવા સમાન થઈ ગયું છે. ખોદકામના કારણે વેપારીઓના લાઈટ, પાણીના કનેક્શનો તુટી જવા પામ્યા છે. રિપેરીંગ કામમાં ફક્ત થુંક લગાવીને કમ્પલીટ બતાવી દેવામાં આવી રહ્યું છે. એજન્સી દ્વારા સમયસર કામ પુરૂ કરવામાં આવે તેવી શોપીંગના વેપારીઓ દ્વારા માગણી કરવામાં આવી છે.

ગાંધીનગરને વિશ્વના નકશામાં હાઈલાઈટ્સ કરવા માટે તંત્રએ આંધળી દોટ મુકી છે. વિકસીતનગર બનાવવા અને સુવિધાથી સભર આપણુ નગરની લ્હાયમાં ક્યાંક નુકશાન થઈ રહ્યું હોય તેવું સામે આવી રહ્યું છે. પાટનગર અને રાજ્યનો વિકાસ સારી બાબત છે પરંતુ આ વિકાસમાં વેપારીઓ ભોગ બની રહ્યા છે.

સેક્ટર-૨૧ મેઈન શોપીંગ સેન્ટરમાં છેલ્લા ચાર દિવસથી ગટરલાઈનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે ખોદકામ દરમિયાન રેસ્ટોરન્ટના પાણીના કનેક્શનો તુટી રહ્યા છે. તેના કારણે હોટલ માલિકોને પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે. જે એજન્સી કામ કરી રહી છે તે એજન્સી પોતાના બનાવેલા નિયમ પર કાર્ય કરી રહી છે. તેમજ સુપરવિઝન માટે કોઈ અધિકારી પણ આવતા નથી.

વેપારીઓએ વધુમાં જણાવ્યુ હતુ કે, પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ અમારી થઈ ગઈ છે. સાકડા રસ્તામાં પાર્કિંગ ખોદકામ સહિતની કામગીરી ઝડપી બને તે માટે વેપારીઓએ સ્થાનિક ધારાસભ્યથી લઈને શહેરીમંત્રી, મેયર, કોર્પોરેટર, કલેક્ટર અને સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં પણ લેખિત રજુઆત કરી છે. આ સમસ્યાનું ઝડપી નિરાકરણ લાવવા વેપારીઓએ જણાવ્યું છે.



ગાંધીનગરમાં જેસીઆઈ દ્વારા સુપરસીંગર ઓફ ધ ડીસ્ટ્રીકટનું ઓડીશન યોજવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ રાઉન્ડમાં ૧૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો તેમજ કાર્યક્રમમાં જેસીઆઈના રાષ્ટ્રીય પ્રમુખ દિપક નાહર અને ઝોન પ્રમુખ અશ્વિન ચંદારાણાના હસ્તે સર્વ શ્રેષ્ઠ ચેપ્ટર, સર્વ શ્રેષ્ઠ જેસીરેટ ચેપ્ટર, સર્વશ્રેષ્ઠ પ્રમુખ સહિત ૧૫થી વધુ એવોર્ડસ અને મેડલ એનાયત કરાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# મહિલા વિદ્યાસહાયકોને ૧૮૦ દિવસ પ્રસુતિ રજાનો લાભ મળશે


## પ્રાથમિક શિક્ષક સંઘે મુખ્ય પ્રધાનનો આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૩

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતી મહિલા વિદ્યાસહાયકોને પ્રસુતિ દરમિયાન ૧૮૦ રજાઓ આપવામાં આવશે. સરકારના આ નિર્ણયને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે આવકારી મુખ્યમંત્રીનો આભાર માન્યો છે.

કેન્દ્ર સરકારમાં ફરજ બજાવતી મહિલાઓને પ્રસુતિ સમય દરમિયાન ૧૮૦ રજાઓ આપવામાં આવે છે. ત્યારે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતી મહિલા વિદ્યાસહાયકોને પણ ૧૮૦ રજાઓ આપવામાં આવે તેવી અનેક રજુઆતો રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવી હતી.

રાજ્યના પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન આનંદીબેને સંઘની લાગણી અને માગણીને યોગ્ય ઠેરવી મહિલા વિદ્યાસહાયકોને ૧૮૦ દિવસની પ્રસુતિ રજાઓનો લાભ આપવામાં આવશે અને ઠરાવ પર મંજુરીની મહોર મારતા શિક્ષક સંઘના પ્રમુખ ચંદુલાલ જોષી અને મહામંત્રી બળદેવ ચૌધરીએ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે.



## ઘ-૨ પાસે ચાલુ વાહને યુવાનને હાર્ટ એટેક...!

ગાંધીનગર શહેરના ઘ માર્ગ પરથી પીક અપ ડાલુ લઈને ચાલક પસાર થઈ રહ્યો હતો ત્યારે ઘ-૨ સર્કલ નજીક તે યુવાનને હાર્ટ એટેક ચાલુ વાહને આવતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. સદનસીબે મોટો અકસ્માત સર્જાય તે પહેલા ચાલક મનોજે બ્રેક મારી દઈ ડાલુ સાઈડ પર કરી દીધું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

# ઈન્દ્રોડા ગ્રામજનોનો આક્રોશ પાણીના કકળાટે મહીલાએ જીવ ગુમાવ્યો

## મુખ્યમંત્રીના નિવાસસ્થાનથી ૨ કી.મી. રૂટના અંતરે સ્થિત ગામડાઓ પ્રાથમિક સુવિધાઓથી વંચિત : કોર્પોરેટર

ગાંધીનગર, તા. ૩

ઈન્દ્રોડામાં કરંટ લાગવાથી મહીલાનું મોત નિપજવાની દુઃખદ ઘટના સંદર્ભે શહેરી વિસ્તારના ગામોમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જ્યારે પાણીના કકળાટના લીધે ઈન્દ્રોડા ગામની પરિણિત મહીલાએ જીવ ગુમાવાનો વારો આવ્યો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. અનેક રજૂઆતોના અંતે પાણીનો પ્રશ્ન હલ ન થતા તંત્રની લાપરવાહી જીવલેણ સાબિત થઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ પાણીની પોકાર શાંત પડી નથી. ગ્રામજનો દ્વારા આ મામલે અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતા પાણીની સમસ્યાનો હલ આવતો નથી જેના લીધે ગ્રામજનોએ પાણી માટે વલખા મારવા પડે છે. બીજી તરફ ઈન્દ્રોડા ગામમાં પાણીના કકળાટે મહીલાનો ભોગ લીધો હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. અસરગ્રસ્ત ગામોમાં પીવાના પાણી માટે નવો બોર, અપર્યાપ્ત ગટર વ્યવસ્થાને અપગ્રેડ કરવા તેમજ ઓવરહેડ ટાંકી બનાવવા માટે અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં કોઈ પગલા લેવાયા નથી. સ્થાનિક કોર્પોરેટર હસમુખ મકવાણાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા મુજબ મુખ્યમંત્રીના નિવાસસ્થાનથી બે કી.મી.ના અંતરે ગામડાઓ પ્રાથમિક સુવિધાથી વંચિત છે. જ્યારે પાણી મેળવવા માટે તંત્રની લાપરવાહીથી મહીલાએ જીવ ગુમાવવો પડે તેવી દયનીય ઘટના પ્રકાશમાં આવી છે. જેના પરિણામે ગ્રામજનોમાં પણ ઉગ્ર આક્રોશ ભભૂક્યો છે.

# ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબની જનરલ મિટિંગ આજે તા. ૩ ડિસેમ્બરના રોજ સવારે સરકીટ હાઉસ ખાતે ૧૧-૦૦ કલાકે મળી હતી. આ બેઠકમાં કલબના હોદ્દેદારોની સર્વાનુમતે નિયુકિત કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ મુકેશ પંડયા, ઉપપ્રમુખ અનિરૂધ્ધસિંહ ઝાલા, કારોબારી ચેરમેન તરીકે જતિન શુકલ, મહામંત્રી પંકજ આહિર, ખજાનચી મીનાબેન પરીખ, સંગઠન મંત્રી મહેન્દ્રભાઈ વોરા, મંત્રી દશરથ લીંબાચીયા, સહમંત્રી મિલન વ્યાસ અને સલાહકાર તરીકે સતીષભાઈ પાઠકની નિયુકિત કલબના ઉપસ્થિત સભ્યો દ્વારા કરવામાં આવી હતી.

## ચક્ષુદાન કરાયુ

● સેક્ટર-૮ સ્થિત મનોજભાઈ જયસુખરાય પંડ્યા ઉ.વ. ૫૩નું અવસાન થતા તેમના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે. સિવિલના તબીબ જુસીકાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

● ઈન્દ્રોડામાં રહેતા સોનલબેન પ્રભુદાસ ઠાકોરનું અવસાન થતા તેમના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે. સ્વર્ગસ્થના સ્વજન પ્રભુદાસ મોહનજી ઠાકોરની સંમતીથી ચક્ષુદાન લેવામાં આવ્યું છે. આ સમયે જુસીકાના કાર્યકરો અને સિવિલના તબીબ ઉપસ્થિત રહ્યા હતા.



## વોક ટુ ગેધર સંસ્થાએ વિશ્વ વિકલાંગ દિવસ ઉજવ્યો

વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે ગાંધીનગર સ્થિત વોક ટુ ગેધર એન.જી.ઓ. તથા સરસ્વતી ચેરીટેબલ દ્વારા સેકટર-૨૮ની મુકબધિર શાળાના શારીરિક વિકલાંગતા ધરાવતા બહેરા-મૂંગા કે માનસિક કે શારીરિક રીતે કે અપંગતા ધરાવતા બાળકો માટે વિશિષ્ટ રીતે વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં મુકબધિર શાળાના ૨૫૦ બાળકોને સંસ્થા દ્વારા તેમના માટે વિવિધ રમતોનું આયોજન કરી બાળકોને ઈનામ તથા વિવિધ ગીફટનું વિતરણ કરવામાં આવેલ તથા તમામ બાળકો માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી મુકબધિર શાળાના બાળકો માટે એક નવો જ ઉત્સાહ અને ઉમંગ લાવનારી હતી. વોક ટુ ગેધર એનજીઓના હોદ્દેદારો અભિ વાલેરા, આકાશ સાલ્વી, મિરાજ પટેલ, આકાશ પટેલ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન કોર્પોરેટર હર્ષજીત પંડયા તેમજ સમાજ સુરક્ષા અધિકારી સુરેશભાઈ કાનાબાર, મનોજભાઈ બલાત, સેન્ટ્રલ યુનિવર્સિટીના પ્રો. પ્રમોદ તિવારી, ભીખાભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા.

# પિતાની છત્રછાયા ગુમાવનાર ૪૦૦ કન્યાઓના કન્યાદાન થકી મહેશભાઈ સવાણીના લાગણીના વાવેતર

## સુરતના બિલ્ડર મહેશભાઈ સવાણીએ પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલ ૪૦૦ કન્યાઓને ધામધૂમથી પરણાવી તેમની આજીવન જવાબદારી સ્વીકારી વિશ્વવિક્રમ રચ્યો : ગીનીશ બુક અને લીમ્કા બુકમાં રેકોર્ડ નોંધાયો : મુસ્લિમ અને જૈન કન્યાઓનો પણ સમાવેશ

ગાંધીનગર, તા. ૩

હિન્દુ શાસ્ત્રો મુજબ કન્યાદાન એ માનવીના જીવનનું ખૂબ જ પુણ્યનું કાર્ય ગણાય છે. ૪૦૦ કન્યાઓને પરણાવી તેમણે અનોખો પ્રેરણાદાયી વિશ્વવિક્રમ સ્થાપ્યો હતો. આ પ્રસંગે ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અને

બિલ્ડર મહેશભાઈ સવાણીના આ પ્રસંશનીય પુણ્ય કાર્ય દરમ્યાન રાજ્ય સરકારના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો અને અનેક



સુરતના એક બિલ્ડરે આ પુણ્યના કાર્યને જીવનમાં મહત્વનું સ્થાન આપીને કુલ ૪૦૦ અનાથ કન્યાઓના ધામધૂમથી સમૂહલગ્ન કરાવી ગીનીશ બુકમાં નામ નોંધાવી વિશ્વ વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે. આ સમૂહલગ્નમાં હિન્દુ, મુસ્લિમ, જૈન એમ દરેક કોમની કન્યાઓના લગ્ન કરાવી અનોખી કોમી એકતાનું પણ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

સુરતના ચૈતન્ય વિદ્યા સંકુલમાં યોજાયેલ લાગણીના વાવેતર કાર્યક્રમમાં સવાણી ગૃપના પ્રમુખ દાનવીર મહેશભાઈ સવાણીએ બાપની છત્રછાયા ગુમાવી ચુકેલ ૧૧૧ અનાથ કન્યાઓના પાલક પિતા બની કન્યાદાન કર્યુ હતુ. અને તેમની આજીવન જવાબદારી પણ સ્વીકારી હતી. આ અગાઉ તેમણે ૨૮૯ કન્યાઓ અને આ વખતે ૧૧૧ કન્યાઓ એમ કુલ મળીને

લીમ્કા બુક ઓફ રેકોર્ડ્સના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી આ વિશ્વ વિક્રમની જાહેરાત કરી હતી. આ કન્યાઓમાં ત્રણ મુસ્લિમ



કન્યાઓ પણ હતી જેમના સ્ટેજ પર જ નિકાહ કરાવાયા હતા અને બે જૈન કન્યાઓએ ફક્ત ફુલહાર પહેરાવી કોઈ પણ વિધિ વગર વિશિષ્ટ લગ્ન કર્યા હતા. જ્યારે બાકીની ૧૦૬ હિન્દુ કન્યાઓના ઘટાટોપ લગ્ન મંડપમાં હેલીકોપ્ટરથી થતી પુષ્પવર્ષામાં ગીત-સંગીત-નૃત્ય સહિતના માહોલમાં કરાવ્યા હતા.

અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદના ડૉ. વિનુભાઈ પટેલ અને પ્રો. ડૉ. આરતી કસ્વેકરના હસ્તે ગોલ્ડ પ્લેટેટ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ પણ મહેશભાઈ સવાણીને અપાયો હતો. ૬૦ હજારની હકડેઠઠ મેદનીની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ યોજાયો હતો. જેમાં સાધ્વી ઋતુંભરા સહિત કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળા, શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદી અને અનેક મહાનુભાવોએ નવદંપતિઓને આશિર્વચન પાઠવ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૦૭**

**સૂર્યાસ્ત : ૫.૫૨**

### તાપમાન

**મહત્તમ : ૩૨.૦ ડિ.સે.**

**લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૬૩ ટકા ● સાંજે ૩૮ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્ક્રીન-૧ :**

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

ટીટ્ટો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

**સ્ક્રીન-૩ :**

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧.૦૦, ૧૦.૦૦

**સિનેમેક્સ,**

**: સ્ક્રીન-૧ :**

ઉંગલી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૦, ૫.૪૫, ૧૦.૪૫

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૮.૨૦

**: સ્ક્રીન-૨ :**

ઉડી પેન્જીયસ : માડાગાસ્કર (અંગ્રેજી) : ૧૦.૧૦, ૧૨.૨૫, ૬.૦૦, ૮.૧૫

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૧૦.૩૦

ઈન્ટરસ્ટેલર (અંગ્રેજી) : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૨.૦૫, ૨.૪૫

જીદ : ૫.૨૫, ૧૦.૫૫

ઝેડ પ્લસ : ૮.૦૫

**સ્ક્રીન-૪ :**

ઉંગલી : ૯.૦૦, ૪.૧૫, ૭.૨૦, ૯.૫૫

જીદ : ૧૧.૩૦

હેપ્પી એન્ડીંગ : ૨.૦૦

### આપની આજ

**મેષ** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**વૃષભ** : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

**કર્ક** : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

**સિંહ** : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

**કન્યા** : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

**તુલા** : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

**વૃશ્ચિક** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**મીન** : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.

### ચિરવિદાય

- સ્વ. ભોગીલાલ લાલચંદ શાહ (ઉ.વ.૮૦) બી-૧૧૯, સિમંધર સિટી, અડાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. મનોજકુમાર જયસુખલાલ પંડ્યા (ઉ.વ.૫૨) પ્લોટ નં. ૪૭૬/એ-૧, સેક્ટર-૮બી, ગોકુલ સોસાયટી, ગાંધીનગર